# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-09-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM – સેમિકોન ઇન્ડિયા 2025 નું ઉદ્‌ઘાટન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે વિશ્વ ભારત પર વિશ્વાસ કરે છે, ભારતમાં વિશ્વાસ રાખે છે અને ભારત સાથે સેમિકન્ડક્ટર અંગે ભવિષ્ય બનાવવા માટે તૈયાર છે. નવી દિલ્હીમાં યશોભૂમિ ખાતે સેમિકોન ઇન્ડિયા 2025નું ઉદ્ઘાટન કરતા શ્રી મોદીએ કહ્યું કે તે દિવસ દૂર નથી જ્યારે ભારતની સૌથી નાની ચિપ વિશ્વમાં સૌથી મોટું પરિવર્તન લાવશે.

પ્રથમ ત્રિમાસિક ગાળાના **GDP** વિશે બોલતા, શ્રી મોદીએ કહ્યું, ભારતે ફરી એકવાર દરેક અપેક્ષા અને દરેક મૂલ્યાંકન કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે. તેમણે કહ્યું કે જ્યારે વૈશ્વિક ચિંતાઓ અને આર્થિક સ્વાર્થ દ્વારા ઉભા થયેલા પડકારો છે, ત્યારે ભારતે 7.8 ટકાનો વિકાસ દર નોંધાવ્યો છે.

**-----------------------------------------------------------------------------------------**

## 20 મા ગ્લોબલ સસ્ટેનિબિલિટી સંમેલન

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું, ભારત તેનું ટકાઉપણું પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરવામાં **G**20 દેશોમાં શ્રેષ્ઠ છે. નવી દિલ્હીમાં 20મા ગ્લોબલ સસ્ટેનેબિલિટી સંમેલનને સંબોધતા શ્રી ગોયલે કહ્યું કે **COP**21 ને સફળ બનાવવામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નિર્ણાયક ભૂમિકા ભજવી છે.

તેમણે ભાર મૂક્યો કે ભારત તેના ટકાઉપણું લક્ષ્યો પ્રત્યે દ્રઢપણે પ્રતિબદ્ધ છે, વર્ષ 2014 થી નવીનીકરણીય ઉર્જા લક્ષ્યોને પાંચ ગણો વધારી રહ્યું છે અને એક રાષ્ટ્ર, એક ગ્રીડના સિદ્ધાંત હેઠળ સફળતાપૂર્વક રાષ્ટ્રીય ઇન્ટરકનેક્ટેડ ગ્રીડ બનાવી રહ્યું છે.

પાવર ક્ષેત્રમાં સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા, શ્રી ગોયલે નોંધ્યું કે ભારતમાં 50 ટકા નવીનીકરણીય ઉર્જા ક્ષમતા પહેલાથી જ સ્થાપિત થઈ ગઈ છે, તેમણે ભાર મૂક્યો કે ભારત 2030 સુધીમાં 500 ગીગાવોટ સુધી પહોંચવાનું લક્ષ્ય ધરાવે છે.

---------------------------------------------------------------------------------------

## કપાસ કિસાન એપનો પ્રારંભ

કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહે કપાસ કિસાન એપનો પ્રારંભ કરાવ્યો છે જે લઘુત્તમ ટેકાના ભાવ યોજના હેઠળ ખેડૂતો પાસેથી કપાસની ખરીદીને સરળ બનાવશે. આ એપ ખેડૂતોને સ્વ-નોંધણી, સ્લોટ બુકિંગ અને ચુકવણી ટ્રેકિંગ સાથે સશક્ત બનાવશે જેથી કપાસ ખરીદી પ્રક્રિયામાં વધુ પારદર્શિતા અને ગતિ આવે.

---------------------------------------------------------------------------------------

## વીજળીના ફ્યુઅલ સરચાર્જના દરમાં 15 પૈસાનો ઘટાડો

રાજ્ય સરકારે જુલાઈ મહિનાથી વીજળીના ફ્યૂઅલ સરચાર્જના દરમાં પ્રતિયુનિટ 15 પૈસાનો ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. આ અંગે માહિતી આપતા ઊર્જા મંત્રી કનુ દેસાઈએ કહ્યું, નાગરિકોને ઓછા દરે વીજળી આપવા જુલાઈ 2025થી વીજ ઉપયોગ પર ફ્યૂઅલ સરચાર્જ પ્રતિયુનિટ 2.30 રૂપિયાના ઘટાડેલા દર સાથે લેવાશે. આ નિર્ણયથી રાજ્યના એક કરોડ 75 લાખ જેટલા ગ્રાહકોને જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન અંદાજે 400 કરોડ રૂપિયાથી વધુનો લાભ થશે.

---------------------------------------------------------------------------------------

## જિલ્લામાં 76 મા વન મહોત્સવની ઉજવણી

કચ્છમાં ૭૬માં વન મહોત્સવની જિલ્લાકક્ષાની ઉજવણી ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન ધર્મિષ્ઠાબેન ગજ્જર, મોરબી કચ્છના સાંસદ વિનોદ ચાવડા અને જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે કરવામાં આવી હતી.

સામાજિક વનીકરણ વિભાગ કચ્છ દ્વારા આયોજિત ૭૬મો વન મહોત્સવની ઉજવણી કાર્યક્રમમાં રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેને જણાવ્યું હતુ કે, વન મહોત્સવ એ કોઈ ઉજવણી નથી પરંતુ ભાવિ પેઢીને સુરક્ષિત જીવનનો વિશ્વાસ આપવાનો પવિત્ર સંકલ્પ છે. પર્યાવરણના અભિન્ન અંગ એવા વૃક્ષો માત્ર છોડ નથી તે જીવનરેખા સમાન છે. વૃક્ષ પ્રાણવાયુ, ફળફૂલ, છાંયડો આપે છે જેથી તેનું જતન કરવું આપણી નૈતિક ફરજ છે. તેઓએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન અને ગુજરાત સરકારે દીર્ઘ દ્રષ્ટિથી “એક પેડ માં કે નામ” અભિયાન શરૂ કર્યું છે ત્યારે દરેક નાગરિકે પવિત્ર ધરતીને અંજલિરૂપે એક વૃક્ષ વાવી તેનું જતન કરવાના સંકલ્પ સાથે તેમાં જોડાવું જોઇએ.

---------------------------------------------------------------------------------------

## ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આગામી 7મી વિવિધ પ્રતિબંધ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ (દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી), નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ની પ્રાથમિક કસોટી આગામી 7મીએ યોજાનાર છે. આ પરીક્ષાઓ દરમિયાન પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવા પ્રતિબંધાત્મજક હુકમો જારી કરાયા છે.

જે અંતર્ગત અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડી.પી.ચૌહાણે ભુજ શહેરના ૧૧ પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડીંગના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં 7મીએ રવિવારે સવારના ૬ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી વિવિધ પ્રતિબંધ ફરમાવેલ છે.

---------------------------------------------------------------------------------------

# વાયબ્રન્ટ વિલેજ પ્રોગ્રામનું અમલીકરણ

કચ્છ સહિત ગુજરાતના ત્રણ સરહદી જિલ્લામાં વાયબ્રન્ટ વિલેજના પ્રોગ્રામનાં અમલીકરણનું કાર્ય હાથ ધરાયું. વાયબ્રન્ટ વિલેજ પ્રોગ્રામમાં સમાવિષ્ટ ગામોમાં કૌશલ્ય વિકાસ, સાંસ્કૃતિક વારસાની જાળવણી, આજીવિકા નિર્માણ, આરોગ્ય, શિક્ષણ, આવાસ સહિતની માળખાંગત સુવિધાના વિકાસકામોને અગ્રતા આપવામાં આવશે. દેશના ઉત્તર પૂર્વિય રાજ્યોમાં આ યોજનાનો પાઈલટ પ્રોજેક્ટ રૂપે અમલ શરૂ કરાયા બાદ તમામ સરહદી રાજ્યોમાં તેના અમલ માટેની કામગીરી હાથ ધરાઇ છે જે અંતર્ગત આયોજન શાખા દ્વારા પ્રાંતકક્ષાએથી 106 ગામમાં મોજણીનું કાર્ય હાથ ધરાયું હતું.

---